# રાજ્ય સરકાર ૨૬૦૦ વિદ્યા સહાયકોની ભરતી કરશે

ગાંધીનગર, તા.૧૦

વિદ્યાસહાયક ઉમેદવારો માટે દિવાળી પહેલા સારા સમાચાર આવી ગયા છે. ૨૬૦૦ વિદ્યાસહાયકોની ભરતી કરવાનો સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. આવતીકાલથી ૨૬૦૦ વિદ્યાસહાયકોની ભરતી પ્રક્રિયા શરૂ થશે. ધોરણ ૧થી ૫ માટે એક હજાર વિદ્યાસહાયકોની ભરતી થશે જ્યારે ધોરણ ૬થી ૮માં ૧૬૦૦ વિદ્યાસહાયકોની ભરતી કરશે તેવી માહિતી શિક્ષણ મંત્રી જીતુ વાઘાણીએ ટ્વીટ કરી આપી છે.આ ભરતીમાં જ ગણિત-વિજ્ઞાન માટે ૭૫૦ અન્ય ભાષાના વિષયો માટે ૨૫૦ની ભરતી જ્યારે સામાજિક વિજ્ઞાન વિષય માટે ૬૦૦ વિદ્યાસહાયકોની ભરતી થશે. અગાઉની જાહેરાત મુજબ વિધવા મહિલા ઉમેદવારોને ૫ ટકા વધારાના ગુણ મળશે.મહત્વનું છે કે ૪ ઓક્ટોબરના રોજ વિદ્યાસહાયક ભરતીને લઈને રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જેમા વિદ્યાસહાયક ભરતીમાં વિધવા બહેનો માટે મેરીટમાં ૫ ટકા લાભ આપવાની જાહેરાત કરવામાં આવી છેહતી. જે પ્રમાણે TET - 1 , TET - 2 પાસ વિધવા બહેનોને વિદ્યાસહાયક ભરતીમાં વધારાના ૫ ટકા ગુણ આપવાનો રાજ્ય સરકાર દ્વારા નિર્ણય કરવામાં આવ્યો છે.





મોઢેરાનું સૂર્યમંદિર જગ વિખ્યાત છે. સૂર્યમંદિર થકી ઓળખ મેળવનાર મોઢેરા સોલાર પાવરથી ઝળહળી ઉઠ્યુ છે. મોઢેરાને દેશના સૌપ્રથમ સોલાર પાવર વિલેજ તરીકે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં જાહેર કરાયુ છે. આ અવસરે મોઢેરા સૂર્ય મંદિર ખાતે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગાંધીનગરના જાણીતા કોરીયોગ્રાફર પનઘટ કલાવૃંદના ભાવિન પટેલના ગ્રુપે સૂર્ય મંદિરના પગથિયા પર 'આદિત્ય હૃદયમ્' સ્તોત્રની સુંદર કૃતિની રજૂઆત કરી હતી. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમે ખૂબ જ સરાહના પ્રાપ્ત કરી હતી. ગુજરાત પ્રવાસન નિગમના હારિત શુક્લ, આલોક પાંડે, રમેશ ઠક્કર, હિરેન પંડિત, કેયુર શેઠ, જયદીપ શર્મા અને અન્ય અધિકારીઓનો શો ડીરેક્ટર ભાવિન પટેલે આભાર વ્યક્ત કર્યો છે. ચંદનભાઈ ઠાકોર, નમ્રતાબેન, અનંતભાઈ, જીજ્ઞેશભાઈ, વિનીતાબેન, શુભાબેન, પ્રિયાબેન, મીરાબેન અને વૈશાલીબેને પણ વિશેષ સહયોગ આપ્યો હતો. ટીમના સભ્યો કુશલ દિક્ષિત, ચંદ્રસિંહ ગોહિલ, મિલનભાઈ ત્રિવેદી, હિરેન મોરડીયા, સિદ્ધાર્થ મકવાણા, ખુશંગ રાજપૂત, ભૂમિ મહેતા, નીતિનભાઈ ચૌહાણનો સહયોગ ખૂબ સરાહનીય રહ્યો હતો. આ કાર્યક્રમમાં સંગીત પ્રહર વોરા, સ્ટુડીયો સેવા ચિંતક ત્રિવેદી, એન્કર તરીકે ધ્વની દલાલ, લાઈટ વ્યવસ્થા હેરી ઉપાધ્યાય અને ધ્વની, ફોટો, વીડિયો સેવા શ્રીજી ફિલ્મ્સે આપી હતી. ગાંધી કોર્પોરેશન ઈવેન્ટ મેનેજમેન્ટની સેવા આપી હતી.

# ઝાયડસ હૉસ્પિટલ વડોદરા ખાતે, એઓર્ટીક ડિસેક્શન સર્જરી સફળતાપૂર્વક પાર કરવામાં આવી

એઓર્ટીક ડિસેક્શન અસામાન્ય છે, પરંતુ જોખમી અને ઘણીવાર હૃદય માટે જીવલેણ સાબિત થઈ શકે છે. વડોદરામાં દર વર્ષે આશરે પાંચથી છ દર્દીઓને આવું થાય છે. રૂધિર (લોહી)ના ભારે દબાણથી આખા શરીરમાં લોહી પહોંચાડતી મુખ્ય ચેનલ એવી ધમનીની દિવાલ ફાટી જાય એવા સંજોગોમાં આવું જોખમ ઊભું થતું હોય છે. જો લોહીના પ્રવાહનું દબાણ સતત ચાલુ રહે ને તો ધમનીની દિવાલ ફાડી નાખે ત્યારે પ્રવાહ મજાગની નસો સુધી પહોંચી જઈ શકે છે અને એ સંજોગોમાં સ્ટ્રોક પણ આવી શકે છે. તેકિડનીની શિરાઓને પણ ફાડી નાખે છે, પરિણામે કિડની નિષ્ફળ જાય અથવા પગની શિરાઓને નુકસાન પહોંચાડી શકે છે, જેને કારણે ગેંગરીન થઈ શકે છે. આ તકલીફની સારવાર ન થાય તો દર્દીઓ માટે જોખમ ઊભું થઈ શકે છે. દર્દીને સામાન્ય રીતે છાતીમાં તીવ્ર દુઃખાવો થતો હોય છે, જે હૃદયરોગના હુમલા જેવું લાગતું હોય છે. પરંતુ ઈસીજી સામાન્ય આવે અને બ્લડ ટેસ્ટ નેગેટિવ આવે છે. તેની વધારે ઊંડાણથી તપાસ કરવામાં આવે અને કાર્ડિયાક સોનોગ્રાફી અથવા ધમનીનું સીટી સ્કેન કરવામાં આવે છે, ત્યારે જ તીરાડ કે છેદ પડી ગયો છે તેનો ખ્યાલ આવે છે. આવા સંજોગોમાં મોટે ભાગે સારવાર ઘણી જટિલ હોય છે અને દર્દી માટે જોખમ રહેતું હોય છે. થોડા દિવસ પહેલાં વડોદરાની ઝાયડસ હૉસ્પિટલમાં લગભગ આવો જ કેસ બન્યો. ૩૨ વર્ષના એક દર્દી છાતીમાં તીવ્ર દુઃખાવાની ફરિયાદ સાથે ઈમર્જન્સી રૂમમાં આવ્યા. તેમનો ઈસીજી સામાન્ય હતો અને બ્લડ ટેસ્ટ પણ હૃદયરોગની બાબતમાં નેગેટિવ આવ્યો. આ કેસમાં ઈકોકાર્ડિયોગ્રાફી અને સીટી સ્કેન દ્વારા વધુ તપાસ કરવામાં આવતા ધમનીમાં છેદ પડી ગયો હોવાનું નિદાન થયું. ઝાયડસ ખાતેના હૃદયરોગ નિષ્ણાત ડો. ગૌરવ ગોયલને તત્કાળ કેસની ગંભીરતાનો ખ્યાલ આવી ગયો અને ગભરાઈ ગયેલા સગા-સંબંધીઓને આ સ્થિતિની જાણ કરવામાં આવી. તેની ગંભીરતા વિશે જણાવ્યું અને સારવારના વિકલ્પો કેટલા મુશ્કેલ છે, તેની પણ માહિતી આપવામાં આવી. આવા કેસમાં સર્જરી કરીને ધમનીનો એટલો ભાગ અને ધમનીનો વાલ્વ બદલવા પડતા હોય છે તેમજ શીરાઓને સ્થાને કૃત્રિમ નળીઓ નાખવી પડતી હોય છે. આ પ્રકારની જટિલ સર્જરી પાર પાડવા હૉસ્પિટલમાં ફુલટાઈમ ડૉક્ટર્સ સાથે મલ્ટીડિસીપ્લીનરી ટીમ એપ્રોચ હોવો અત્યંત આવશ્યક છે.



# રાજ્યમાં ૪ કરોડ ૯૦ લાખ ૮૯ હજાર ૭૬૫ મતદારો નોંધાયા

ગાંધીનગર, તા.૧૦

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પહેલા ચૂંટણી પંચની તૈયારી પૂરજોશમાં ચાલી રહી છે. ચૂંટણી પંચે આખરી મતદાર યાદી તૈયાર કરી છે. જેમાં ચૂંટણી પંચની વિગતો અનુસાર રાજ્યમાં કુલ ૪ કરોડ ૯૦ લાખ ૮૯ હજાર ૭૬૫ મતદારો નોંધાયા છે જે આંકડો અગાઉ ૪ કરોડ ૮૩ લાખ ૭૫ હજાર ૮૨૧ મતદારોનો હતો તેમજ પંચની યાદી મુજબ ૨ લાખ ૬૮ હજારથી વધુ પુરુષ મતદારો નોંધાયા છે તેમજ ૧ લાખ ૯૩ હજારથી વધુ મહિલા મતદારો નોંધાયા છે તેમજ ખાસ મતદાર યાદી સુધારણા કાર્યક્રમમાં ૪ લાખ ૬૧ હજાર ૪૯૪ મતદારો ઉમેરાયા છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી લઈ ચૂંટણી પંચે તૈયારી ડબલ રફતારમાં શરૂ કરી દીધી છે. આખરી મતદાર યાદી જાહેર થતાં જ હવે એ પણ કંઈ શકાય કે ચૂંટણીનું એલાન થવાને ગણતરીના દિવસો જ બાકી રહ્યાં છે. ત્યારે ચૂંટણી પંચે મતદારોની બેઠક દીઠ મતદાર યાદી પ્રસિદ્ધ કરી છે તેમજ ચૂંટણીલક્ષી તૈયારીની માહિતી પણ જાહેર કરી છે જેમાં ચૂંટણીમાં ૫૦ ટકાથી વધુ મતદાન મથક પર બાજ નજર રાખી શકાય તે માટે વેબ કેમેરાનો ઉપયોગ કરાશે

ચીફ ઈલેક્શન કમિશનર રાજીવ કુમાર દ્વારા પ્રેસ કોન્ફરન્સમાં માહિતી આપતા કહ્યું કે આ વખતે અમે દિવ્યાંગ મહિલાઓ, વરિષ્ઠ નાગરિકો અને નવા મતદાતાઓ પર નજર કેન્દ્રિત કરી રહ્યા છીએ. ગુજરાતના મતદાતાઓને મતદાન કરવાની અપીલ પણ કરી હતી.

# નરેન્દ્ર મોદીની જીવનગાથા આલેખતા પુસ્તક સુવર્ણદિનનું વિમોચન

ગાંધીનગર, તા. ૧૦

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા તે પછીના રાજકીય પ્રસંગોને આવરી લેતા પુસ્તક ''સુવર્ણદિન'નો વિમોચન સમારોહ તાજેતરમાં યોજાયો હતો. નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા તે ગુજરાત અને ભારત વર્ષ માટે 'સુવર્ણદિન' મનાવવો જોઈએ. આમ જણાવતાં કેન્દ્રીયમંત્રી પુરૂષોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું કે 'કોઈ લેખક વિવેચક નરેન્દ્રભાઈ વિશે લખે એને બદલે ગિરીશભાઈ શર્મા જેવા કાર્યકર પુસ્તક લખે એ ખૂબ અગત્યનું છે. કારણ કે એમના લખાણથી આ પુસ્તક ખૂબ ભાવવાહી પુસ્તક બની રહેશે.'

રૂપાલાજીએ 'સુવર્ણદિન' પુસ્તકના વિમોચન સમારંભના અધ્યક્ષસ્થાનેથી નરેન્દ્રભાઈ મોદીની કાર્યપ્રણાલી વિચારશક્તિ અને વિશાળ દૃષ્ટિની અનેક વાતો રજૂ કરી હતી. પુસ્તકના સંપાદન ગિરીશભાઈ શર્માને નરેન્દ્રભાઈ મોદી સાથેના પ્રસંગોનું સંપાદન કરવા માટે અગ્રેસર થવા માટે અભિનંદન આપ્યા હતા. કાર્યક્રમના અતિથિવિશેષ પદે પધારેલ ભાગ્યેશભાઈ જહા અધ્યક્ષ ગુજરાત સાહિત્ય અકાદમીએ 'સુવર્ણદિન'ની વ્યાખ્યા કરતા કહ્યું કે 'પુસ્તકનું શિર્ષક સુવર્ણદિન અનેક પરિમાણોથી મૂલવતા શ્રેષ્ઠ છે. નરેન્દ્રભાઈએ નવો વિચાર, નૂતન દૃષ્ટિ અને કર્મયોગીની નિષ્ઠાથી ગુજરાતની કાયાપલટ કરવા અથાગ પરિશ્રમ કર્યો. અહોરાત્ર પરિશ્રમના કારણે એમણે પ્રથમવાર શપથ લીધા તે ક્ષણથી 'સુવર્ણદિન'ની આભા પ્રસરવા લાગી હતી.' ભાગ્યેશભાઈએ પુસ્તકના સંપાદક ગિરીશભાઈ સાથેના શાખાના સંસ્મરણોનો લાગણીસભર ઉલ્લેખ કરી સંસ્મરણો રજૂ કર્યા હતા. 'સુવર્ણદિન' પુસ્તકના સંપાદક અને અગ્રણી સામાજિક કાર્યકર ગિરીશભાઈ શર્માએ જણાવેલ કે 'મારૂ સદભાગ્ય છે કે મને નરેન્દ્રભાઈ સાથે પાંચ વર્ષ સુધી કાર્ય કરવાની તક મળી છે. 'સુવર્ણદિન'માં નરેન્દ્રભાઈની કાર્યકર્તા અને એના પરિવાર સાથેના આત્મીય સંબંધો, કાર્યકર્તાના જીવનના વિકાસ સંસ્કાર અને ઘડતરની ચિંતા અને ચિંતન કરતા પ્રસંગોનું આલેખન થયું છે.'

કાર્યક્રમમાં પૂર્વમંત્રી અરવિંદભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય અને પ્રદેશ પ્રવક્તા ભરતભાઈ પંડ્યા, પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ઝેડ કેડ પબ્લીકેશનના મનિષ પટેલ, જાણીતા સાહિત્યકાર કેશુભાઈ દેસાઈ, રાઘવજી માધડ, સુરેશભાઈ પટેલ (સૂર્યા બિલ્ડર), ડૉ. જય ઓઝા, કામધેનુ યુનિ.ના પૂર્વ વી.સી. વાટલિયા, નિવૃત્ત જી.પી.એસ.સી. સભ્ય જે.જે. શિયાળી, અંજની કુરિયરના ચેરમેન લીલાભાઈ શિયાણી, ડૉ. ભરત જૈન સહિત વિશાળ સંખ્યામાં નાગરિક ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ માટે જાણીતા સાહિત્યકાર ગુણવંતભાઈ શાહ દ્વારા શુભકામના પાઠવવામાં આવી હતી.

## અટવાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફાર્મસી કોલેજના નિર્માણનુ કામ પણ લાંબા સમયથી અટવાયુ છે. કામગીરીને અનુલક્ષી ખર્ચને વહીવટી મંજુરી આપી દેવાયા બાદ ટેન્ડર પ્રકીયાના અંતે કાર્યયોજના સંદર્ભે વર્ક ઓર્ડર પણ આપી દેવાયો છે. પરંતુ નાણાંકીય જોગવાઈના અભાવે આખો પ્રોજેકટ ઘોંચમાં પડયો છે. જેના લીધે સેકટરમાં બિલ્ડીંગના એક ભાગમાં કાર્યરત કોલેજના વિદ્યાર્થીઓ પણ તેમને નવા બિલ્ડીંગ સહીત સુવિધાઓ પણ મળે તેવી આશ સેવી રહ્યા છે. બીજીતરફ સે-૧૫ સાયન્સ કોલેજના બિલ્ડીંગને અનુલક્ષીને પણ જરૂરી રીનોવેશન હાથ ધરવા માટે આયોજન કરાયુ છે. આ કાર્યયોજના અન્વયે કોલેજના લેબોરેટરી રૂમ, ધાબા ઉપરાંત ટોઈલેટ બ્લોક સહીતની જુદી જુદી કામગીરી હાથ ધરવા માટે આયોજન કરવામાં આવ્યુ છે. જયારે આ મામલે પાટનગર યોજના વિભાગ કક્ષાએથી જરૂરી આયોજન પણ કરી દેવાયુ છે. આમછતા ખર્ચની જોગવાઈના અભાવે કામ અટવાયુ છે. આ મામલે માર્ગ મકાન વિભાગ કક્ષાએથી પણ શિક્ષણ કમિશ્નરને ગ્રાન્ટની જોગવાઈ થાય તે માટે પત્ર લખ્યો છે. સેકટર વિજ્ઞાન કોલેજમાં પણ લાંબા સમયથી જરૂરી કામગીરીના અભાવે વિદ્યાર્થીઓ અને સ્ટાફને હાલાકી વેઠવી પડે છે. જેને અનુલક્ષીને તંત્ર કક્ષાએથી પણ આ કામ હાથ ધરવા માટે આયોજન કરવામાં આવ્યુ હતુ જયારે કોલેજ બિલ્ડીંગને અનુલક્ષી જરૂરી રીનોવેશન કામ હાથ ધરવા માટે અંદાજિત રૂ ૨.૫૦ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. પરંતુ આ યોજનાનુ કામ હાથ ધરવા માટે પણ ખર્ચની જોગવાઈ થાય તેની વાટ જોવામાં આવી રહી છે. શહેરમાં એકબાજુ નવા બિલ્ડીંગો સરકારી કચેરીઓના રીનોવેશન પાછળ તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે. બાગ બગીચા તેમજ માર્ગોની સુધારણા પાછળ પણ કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે. ત્યારે શિક્ષણ સંકુલોની દરકાર લેવામાં ઉદાસીનતા સેવાઈ રહી હોવાનો આક્રોશ પણ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. સેકટરમાં સ્થિત વિવિધ શિક્ષણ સંકુલો દાયકાઓ જુના છે. જયારે સમયાંતરે તેમાં રીનોવેશનની કામગીરી પણ અનિવાર્ય હોવાનો સુર પણ ઉઠવા પામ્યો છે.

## નોટીસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નોટીસ આપવામાં આવી છે જયારે નોટીસના અંતે તંત્રની કચેરીએ વેરો ચુકવવા માટે પણ જોડાણકર્તાઓની અવરજવર જોવા મળે છે. સુત્રોના જણાંવ્યા મુજબ શહેરના સે-૨૪ માં બાકીદારોની સંખ્યા વિશેષ છે. જાણવા મળ્યા મુજબ સેકટર -૨૪ માં જ ૪૧૧ જેટલા બાકીદારોને તંત્રએ નોટીસ આપી છે. જયારે નોટીસમાં વેરો નહીં ચુકવનારનુ જોડાણ કાપી નાંખવામાં આવશે તેવી તાકીદ પણ તંત્રએ કરી છે. જેના અંતે હાલ પાટનગર યોજના વિભાગની કચેરીએ વેરો ચુકવવા માટે બાકીદારોમાં વિશેષ ઉત્સાહ જોવા મળે છે. સુત્રોના જણાંવ્યા પ્રમાણે નોટીસ આપ્યા બાદ દર એકાદ દિવસે વેરા વસુલાત ક્ષેત્રે અંદાજિત રૂ ૨૫ હજારથી વધુ વસુલાત કરવામાં આવી રહી છે. જો કે હજુ પણ વેરા વસુલાત અન્વયે બાકી રહેતા જોડાણકર્તાઓ વેરાની રકમ જમા કરાવી દે તે માટે પણ પ્રયાસ કરવામાં આવશે. બીજીતરફ વેરા વસુલાત ઝુંબેશની કામગીરી લાંબા સમયના અંતે પણ ઓનલાઈન થઈ શકી નથી જેના લીધે પણ વેરા વસુલાતની કામગીરી અસરકારક થઈ શકી ન હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

## મતદારો નોંધાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જિલ્લામાં આખરી મતદારયાદીની પ્રસિદ્ધિ પહેલા પંચે ખાસ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ હાથ ધરી હતી. આ ઝુંબેશમાં મળેલી દાવા અરજીઓની ચકાસણીને અંતે આજે મતદાર યાદીની આખરી પ્રસિદ્ધિ કરવામાં આવી છે.

મતદાર યાદીના ડ્રાફ્ટ રોલની પ્રસિદ્ધિ પછી બે મહિનાના ગાળામાં ૧૫,૬૫૧ નવા મતદારો શોધવામાં તંત્ર સફળ રહ્યુ છે. મતદારયાદી ફોટા સાથે પ્રસિદ્ધ કરવામાં આવી છે. જિલ્લામાં મતદારયાદીની સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ દરમ્યાન રાજકીય પક્ષોએ પણ સારી એવી જાગૃતિ દાખવી હતી.

જિલ્લામાં મતદારયાદી આજે પ્રસિદ્ધ થતાં જ રાજકીય સળવળાટ પણ જિલ્લામાં વધવા પામ્યો છે. જિલ્લામાં નવી મતદારયાદીની પ્રસિદ્ધિ આજે તમામ તાલુકા મથકો પર કરી દેવામાં આવી છે. હવે તંત્રએ પણ તેની તૈયારીઓ સામાન્ય ચૂંટણી માટેની શરૂ કરી દીધી છે.

## વરસાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ ઉપરાંત આઈએમડીએ જણાવ્યું છે કે, આગામી પાંચ દિવસ દરમિયાન તમિલનાડૂ અને રાયલસીમામાં તટીય આંધ્રપ્રદેશ અને તેલંગણામાં ભારે વરસાદ થવાની સંભાવના છે. IMDએ જણાવ્યું છે કે, દક્ષિણ કર્ણાટકના અંદરના વિસ્તારોમાં ૧૧ ઓક્ટોબર સુધી ભારે વરસાદ થઈ શકે છે. તો વળી કર્ણાટકના ઉત્તરી ભાગોમાં ૧૦ અને ૧ ઓક્ટોબરે વરસાદ થઈ શકે છે. તો વળી બિહારમાં ૧ અને ૧૨ ઓક્ટોબરે ભારે વરસાદની સંભાવના છે.

## નિધન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નોંધનીય છે કે ત્રણ મહિના પહેલા તેમની પત્ની સાધના ગુપ્તાનું પણ નિધન થયું હતું. ૫૫ વર્ષથી વધુ સમયથી રાજકારણમાં સક્રિય રહેલા મુલાયમસિંહ યાદવનો જન્મ ૨૨ નવેમ્બર ૧૯૩૯ના રોજ ઈટાવા જિલ્લાના સૈફઈમાં થયો હતો. તેમણે પોલિટિકલ સાયન્સમાં એમએ કર્યું. તેઓ ૧૯૬૭માં યુપીના જસવંત નગરથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા બાદ પ્રથમ વખત વિધાનસભા પહોંચ્યા હતા અને ત્યાર બાદ તેમણે પોતાના રાજકીય કરિયરમાં ક્યારેય પાછું વળીને જોયું નથી. તેઓ આઠ વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા અને સાત વખત ચૂંટાયા બાદ લોકસભાના સાંસદ બન્યા હતા. ૧૯૯૬માં તેમને સંયુક્ત મોરચાની ગઠબંધન સરકારમાં સંરક્ષણ પ્રધાન બનવાની તક પણ મળી.

## નકસલીઓ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નક્સલવાદે તબાહ કરી દીધી. નક્સલીઓએ આદિવાસીઓના હાથમાં બંદૂક પકડાવી તેમને ઉશ્કેર્યા, પરંતુ ગુજરાતમાં નક્સલવાદ ના પ્રવેશે તે માટે ઉમરગામથી અંબાજીના પટ્ટામાં વિકાસનું બીડું ઉઠાવાયું, અને તેને આદિવાસીઓએ પણ સહકાર આપ્યો તેમ કહેતા પીએમે જણાવ્યું હતું કે હવે ઉપરથી ઉડીને અર્બન નક્સલો પગપેસારો કરવા લાગ્યા છે. આ લોકોએ દેશને ખેદાન-મેદાન કરી દેવાનું બીડું ઉઠાવ્યું છે, પરંતુ ગુજરાત તેમની આગળ માથું નમાવવાને બદલે તેમને જમીનદોસ્ત કરી દેશે. પીએમે સભામાં હાજર લોકોને પોતાના બાળકોને આવા અર્બન નક્સલીઓથી દૂર રાખવા પણ જણાવ્યું હતું.

## સંબંધ સજાવે...

● અનુસંધાન ચોથાનું ચાલુ...

વિકસાવતા અનિલભાઈએ આ પછી તો "ફુલવાડી" અને "ઝગમગ" જેવાં બાળ સાપ્તાહિકોમાં તે સમયે વિદેશી મિત્રો બનાવવા માટે ચલાવાતા "પેન ફ્રેન્ડ"ના વિભાગો થકી તેમણે અનેક દેશોમાં પોતાના અનેક પેન ફ્રેન્ડ બનાવ્યાં અને ટપાલો લખીને ટિકીટોની આપ-લે થકી વિવિધ દેશોની ટપાલ ટિકીટો મેળવવાનું શરૂ કર્યુ હતું. આજે તેમની પાસે કુલ મળીને ભારત તેમજ અન્ય ૨૭ દેશોની આશરે ૧૦ હજારથી વધુ ટિકિટો તેમના કિંમતી સંગ્રહમાં ઉપલબ્ધ છે. આ સમગ્ર ખજાનાનું મૂલ્ય અંતરરાષ્ટ્રીય માર્કેટમાં રૂ. ૩૦ લાખ રૂપિયા કરતા પણ વધુ છે. આ ખજાનામાં ૧૮૫૦ પછીની દુર્લભ ટપાલ ટિકિટોનો પણ સમાવેશ થાય છે. ડો.અનિલ ચૌહાણના ખજાનાની અન્ય સામગ્રીઓમાં ફર્સ્ટ ડે કવર, ઈનલેન્ડ કવર, શરૂઆતના સમયના પોસ્ટકાર્ડ અને પ્રથમ આંતરદેશીય પત્રો ઉપરાંત ૧૮૮૫ના કેટલાક દુર્લભ દસ્તાવેજોનો પણ સમાવેશ થાય છે. તેમના સંગ્રહમાં ગાંધીજી દ્વારા અંગ્રેજો સામે ચલાવાયેલી સ્વદેશીની લડત માટે ટપાલના કવર પર લગાડવામાં આવતાં ખાસ પ્રકારના લેબલ પણ ઉપલબ્ધ છે.

ડો.અનિલ ચૌહાણ પાસે ૧૯૨૦ના સમયની હાથેથી લખાયેલી ટપાલો, પોસ્ટકાર્ડ્સ તેમજ દુર્લભ ચલણી સિક્કાઓનો સંગ્રહ ઉપલબ્ધ છે અને આ સંગ્રહ માટે તેઓ ગામેગામ રખડ્યાં છે. તેમને ગામડાંઓમાં જુના મકાનો તોડવાનું કામ કરતાં કેટલાંક મિત્રો બનાવ્યાં છે જેઓ મકાન તોડી પાડવાનું હોય ત્યારે તેમાં પડેલી નકામી સ્ટેશનરી કે અન્ય ચીજવસ્તુઓ જેનું તેમના માટે કોઈ મૂલ્ય ના હોય તે લઈ જવા સંપર્ક કરે છે અને તેમાંથી ડો.ચૌહાણ ફાંફાંખોળા કરીને પોતાના સંગ્રહ માટે સામગ્રી મેળવે છે. આ માટે તેઓ ગમે તે સમયે ગમે ત્યાં જવા તૈયાર હોય છે. એકવાર તો રાતે સાડા ત્રણ વાગે કર લઈને થરાદ પાસેના વાવ ખાતે ગયાં હતા અને બીજા દિવસની મોડી રાત્રે પરત ફર્યા હતાં. તેઓ માને છે કે "આ શોખ મારો ખાલીપો દૂર કરે છે." તેમના મતે કોઈપણ વ્યક્તિએ પોતાનો ખાલીપો દૂર કરવા માટે ઓછામાં ઓછો એક શોખ રાખવો જોઈએ.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@gmail.com

# બાગાયત ક્ષેત્રે અગ્રેસરતા પ્રાપ્ત કરતી ડબલ એન્જિન સરકાર

**દુનિયામાં કૃષિક્ષેત્રે ક્રાંતિ આવી છે, જે દેશે કૃષિ બજાર ક્ષેત્રે પ્રગતિ કરી છે તેણે વૈશ્વિકરણના યુગમાં સફળતા હાંસલ કરેલ છે. બાગાયત કૃષિ ક્ષેત્રમાં એક મહત્વનુ સ્થાન ધરાવે છે. જેના થકી એકમ વિસ્તાર દીઠ વધારે આવક, વધુ રોજગારીની તકો, પર્યાવરણ સુધારવામાં મદદરૂપ, પોષણલક્ષી આહારની ખાતરી અને વધુ નિકાસલક્ષી વળતર મળે છે. બાગાયતી પાકોની ઉપયોગીતા અને તેના મહત્વને લક્ષમાં લઇ રાજ્યની ડબલ એન્જિન સરકાર દ્વારા રાજ્યમાં બાગાયતી વિકાસને ખાસ મહત્વ આપવામાં આવે છે.**

## ખેડૂતલક્ષી બાગાયત...

- ફળ, શાકભાજી મસાલા, ફલ પાકો જેવા બાગાયતી પાકોનાં વાવેતર વિસ્તાર, ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવા ખેડૂતોને તાલીમ, માર્ગદર્શન, અને સહાય પૂરી પાડવા યોજનાઓ અમલમાં છે. આ ઉપરાંત ખેડૂતોને નેટહાઉસ, ગ્રીન હાઉસ, મલ્ચીંગ જેવી રક્ષીત ખેતી અપનાવવા સહાય આપવામાં આવે છે.



- બાગાયતી પાકોનો લણણી પછી બગાડ થતો અટકાવવા ખેતર પરના પેક હાઉસ, પ્રિ-કુલીંગ એકમ, રાયપનિંગ એકમો, ડુંગળીના મેડા એકમો ઉભા કરવા તથા કોલ્ડ સ્ટોરેજ-કોલ્ડ ચેઈન ઉભી કરવા, તથા મીનીમમ પ્રોસેસીંગ એકમો ઉભા કરવા સહાય
- અનુસૂચિત જાતી/ અનુસૂચિત જન જાતીના ખેડૂતોને વિના મુલ્યે રુ. ૨૦૦૦ સુધીની શાકભાજી કીટસ વિતરણ હેઠળ છેલ્લાં પાંચ વર્ષમાં રૂ. ૧૪.૭૯ કરોડના ખર્ચ થકી કુલ ૩૮૩૯૦ ઉપરાંત અનુ. જન જાતિના ખેડૂત લાભાર્થીઓને જ્યારે કુલ ૩૦૮૦૦ ઉપરાંત અનુસૂચિત જાતિના ખેડૂત લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે.
- ખેડૂતોને પોષણક્ષમ ભાવો અને યોગ્ય બજાર વ્યવસ્થા મળી રહે તે માટે સહાય. જેમ કે ચાલુ વર્ષે ડુંગળીના ભાવો ઘટતાં ખેડૂતોને કીલો દીઠ રુ. ૨ લેખે મહત્તમ રુ. ૫૦૦૦૦/- સુધી સહાય આપવામાં આવે છે.
- છેલ્લા પાંચ વર્ષમાં મહિલા તાલીમ પરીક્ષણ અને કેનીંગ હેઠળ કુલ ૪૭,૭૫૭ મહિલા તાલીમાર્થીઓને તાલીમ આપવામા આવી છે.
- ખેડૂતોને સારી ગુણવત્તાવાળી કલમો, રોપ તથા ધરુ પુરૂ પાડવા બાગાયત ખાતા હસ્તક રાજ્યમાં ૨૩ નર્સરીઓ કાર્યરત છે.
- કોરોના કાળમાં શહેરીજનોની સ્વાસ્થ્ય પ્રત્યેની જાગૃતીને ધ્યાને લઈ વર્ષ ૨૦૨૧-૨૨થી અર્બન હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટના સેન્ટર મારફત શહેરી વિસ્તારમાં રાજ્યના અંદાજીત કુલ ૧૧,૭૩૩ લાભાર્થીઓએ તાલીમ મેળવી છે.
- રાજ્યમાં રોડ સાઈડ ખુલ્લામાં ફળ-શાકભાજીનું વેચાણ કરતા નાના વેચાણકારોને વિનામુલ્યે છત્રી/શેડ કવર પુરા પાડવા વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ. ૧૦.૧૦ કરોડની યોજના અમલમાં મુકવામાં આવેલ જે અંતર્ગત કુલ ૫૦,૦૦૦ વેચાણકારોને વિના મુલ્યે છત્રી/શેડ કવર પુરા પાડવામાં આવ્યા છે.

## બાગાયતી પાકો

- ગુજરાતમાં વર્ષ ૨૦૦૧-૦૨માં બાગાયતી પાકોનો કુલ વાવેતર વિસ્તાર ૬.૯૨ લાખ હેક્ટર અને કુલ ઉત્પાદન ૬૨.૦૧ લાખ મે.ટન હતુ જે વર્ષ ૨૦૨૦-૨૧ માં અનુક્રમે વધીને ૧૯.૭૭ લાખ હેક્ટર અને ૨૫૦.૫૨ લાખ મે.ટન થયેલ છે. જે અનુક્રમે બાગાયતી પાકોના વાવેતર વિસ્તારમાં ૧.૮૪ ગણો અને ઉત્પાદનમાં ૩ ગણો વધારો સૂચવે છે.
- ગુજરાત રાજય રાષ્ટ્ર કક્ષાએ ફળ પાકના ઉત્પાદનમાં ૯ ટકા, શાકભાજી પાકોના ઉત્પાદનમાં ૬ ટકા, ફૂલ પાકોના ઉત્પાદનમાં ૮ ટકા તેમજ મસાલા પાકોના ઉત્પાદનમાં ૧૨ ટકા હિસ્સો ધરાવે છે.
- કચ્છ, બનાસકાઠા તથા પાટણના ખેડુતો ટીસ્યુકલ્ચર ખારેકના રોપાઓનું વાવેતર કરી વિપુલ પ્રમાણમાં ઉત્પાદન મેળવતા થયા છે. આ ઉપરાંત પપૈયા તથા દાડમનુ વાવેતર તથા કચ્છની સ્વાદીષ્ટ કેસર કેરી હવે વિદેશમાં નિકાસ થતાં કચ્છના સુકા વિસ્તારોની હવે કાયાપલટ થઈ ગયેલ છે.
- છેલ્લા કેટલાક વર્ષોથી રાજ્યમાં બટાટાની પ્રોસેસીંગ જાતોનું વાવેતર ઉત્તરોતર વધતું જાય છે સાથો સાથ બટાટાનું ઉત્પાદન વધતાં ખેડૂતોની આવક પણ ખુબ વધી રહી છે. તથા ઈન્ટરનેશનલ કંપનીઓ જેવી કે મેકેન, પેપ્સીકો, સિમ્પ્લોટ, બાલાજી, હાઈફન બટાટાની પ્રોસેસીંગ જાતોનું વાવેતર કરતાં ખેડૂતો સાથે કોન્ટ્રાક્ટ ફાર્મિંગના કરાર કરીને કરાર આધારિત ખેતીથી બટાટાના મહત્તમ પોષણક્ષમ ભાવો ખેડૂતો ઘરે બેઠા મેળવતાં થયા છે.
- કેળાની ગુણવત્તા સુધરવાને કારણે રાજ્યમાંથી કેળાની મોટાપાયે નિકાસ થાય છે. સરકારશ્રી દ્વારા કેળની ચોક્કસાઈ પૂર્વક (ૌિંકૈજૈંહ હ્લટ્ઠિદ્બૈહખ્ત) ખેતી કરવા ખેડૂતોને પ્રોત્સાહન આપવાના કારણે રાજ્યની કેળની ઉત્પાદકતા વધીને ૬૪.૭૦ ટન/હેક્ટર થઈ છે જે દેશમાં બીજુ સ્થાન હાંસલ કરેલ છે.
- આદિજાતિ વિસ્તારના જિલ્લાઓમાં પહેલાં ખેડૂતો મકાઈ, રાગી, બાજરી, જુવાર વગેરે જેવી પરંપરાગત ખેતી કરતાં હતાં, જે હવે સરકારશ્રીની વિવિધ ખેડૂત કલ્યાણકારી યોજનાઓ અને નીતિઓના કારણે બાગાયતી ખેતી તરફ વળ્યા છે. મુખ્યત્વે કેળ, કાજુ, પપૈયા, આંબા, ચીકુ તેમજ ભીંડા, રીંગણ, ટામેટા તથા વેલાવાળા શાકભાજી પાકોનું વાવેતર કરતાં થયા છે.
- ગુજરાતના એક માત્ર ગિરિમથક સાપુતારા નજીકના સ્ટ્રોબેરીના રનર્સનુ વાવેતર કરવામાં આવે છે જેના થકી તેઓ દ્વારા સારી ગુણવત્તા ધરાવતી સ્ટ્રોબેરીનુ જિલ્લાના સાપુતારા, આહવા તથા વઘઈ જેવા મુખ્ય સ્થળોએ ખેડૂતો દ્વારા છૂટક વેચાણ કરવામાં આવે છે.
- રક્ષિત ખેતીના એકમો જેવા કે, ગ્રીન હાઉસ અને નેટ હાઉસમાં વિવિધ બાગાયતી પાકો જેવા કે કલર કેપ્સીકમ, કાકડી, ટામેટા તેમજ ફૂલ પાકમાં જર્બેરા, ઓર્કીડ્સ અને ગુલાબ જેવા પાકોનું એકમ વિસ્તારમાં મબલક ઉત્પાદન મેળવતાં થયા છે. જેના થકી તેઓની આવકમાં વૃધ્ધિ થવા પામેલ છે.